## ધોરણ 8 સામાજિક વિજ્ઞાન

**તારીખ : 02-10-2021** ch 8

**સમય : 0 મિનિટ** 8th s.s **કુલ ગુણ : 29**

*** નીચેના વિધાનોમાં યોગ્ય શબ્દ લખી ખાલી જગ્યા પૂરો.** **[3]**

1. હિંદના વિભાજન માટે બ્રિટિશ પાર્લામેન્ટે ............ ધારો પસાર કર્યો હતો.

**જવાબ :** હિંદ સ્વાતંત્ર્ય

2. ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી .......... હતા.

**જવાબ :** ડૉ. જીવરાજ મહેતા

3. હાલ આયોજનપંચ ............ તરીકે ઓળખાય છે.

**જવાબ :** નીતિ આયોગ

*** માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો 1 ગુણ)** **[3]**

4. ભારત ક્યારે સ્વતંત્ર થયું?

**જવાબ :** 15 ઓગસ્ટ, 1947ના રોજ ભારત દેશ સ્વતંત્ર થયો.

5. રાજ્ય પુનઃરચના પંચના અધ્યક્ષ કોણ હતા?

**જવાબ :** રાજ્ય પુનઃરચનાના અધ્યક્ષ સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયમૂર્તિ ડૉ.ફિઝલઅલી હતાં.

6. આપણો દેશ ક્યારે આઝાદ થયો ?

**જવાબ :** 15 ઓગસ્ટ, 1947ના દિવસે આપણો દેશ આઝાદ થયો.

*** નીચે આપેલ પ્રશ્નોના સંક્ષિપ્ત જવાબ આપો : (દરેક પ્રશ્નના 2 ગુણ છે.)** **[2]**

7. અવકાશ વિજ્ઞાનક્ષેત્રે ભારતે સાધેલ પ્રગતિની નોધ લખો.

**જવાબ :**

- અવકાશ વિજ્ઞાનક્ષેત્રે ભારતે વિશ્વમાં આગવું સ્થાન મેળવ્યું છે.
- બાહ્ય અવકાશમાં ઉપગ્રહો છોડવા માટે વિશિષ્ટ પ્રકારનાGSLVC (ઝીયોસીક્રોસ સેટેલાઈટ લોન્ચ વ્હીકલની) સગવડો.
- ચંદ્ર ઉપર સફળ ઉતરણ મંગળ ગ્રહ પર પહોંચવા માટેનું મંગળ અભિયાન ભારત ઉપગ્રહ છોડવાની બાબતમાં સ્વાવલંબ છે.
- અને છેલ્લા ઘણા વર્ષોથી તે બીજા દેશના ઉપગ્રહોને અવકાશમાં છોડવાનીસેવા આપે (બજાવે) છે.

*** નીચે આપેલ પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો : (દરેક પ્રશ્નના 3 ગુણ છે.)** **[3]**

8. સ્વતંત્ર ભારતની સામે કયા-કયા પડકારો હતા?

**જવાબ :**

- સ્વતંત્ર ભારતની સામે મુખ્યત્વે નીચેના પડકારો હતાં.

(1) પાકિસ્તાનથી આવેલા 80 લાખ શરણાર્થીઓનું પુર્નવસન.
(2) 562 જેટલા નાના-મોટા દેશી રાજ્યોને ભારતીય સંઘમાં જોડાવવા સહમત કરવા.
(3) 35 કરોડની વસ્તી કે જે ભાષા, પહેરવેશ, પ્રદેશ અને સાંસ્કૃતિક બાબતોમાં ભિન્નતા ધરાવતી હતી. તેને "રાષ્ટ્રીય એકતાના" તાંતણે બાંધવાનું કાર્ય શહેરના ગંદા ગીચ વસવાટો, ગરીબી, શિક્ષણ, આરોગ્યની સવલતોનો અભાવ, ગ્રામીણક્ષેત્રે ખેતી સંલગ્ન બેરોજગારીની વગેરે જેવી સમસ્યાઓ હતી.

*** નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 4 ગુણ છે.)** **[8]**

9. પંચવર્ષીય યોજનાઓથી આર્થિક વિકાસ વિશેમાહિતી આપો.

**જવાબ :**

- 1950માં ભારત સરકારે બંધારણના ધ્યેયો અને આદેશોને પૂર્ણ કરે તેવા આયોજન પંચનો પ્રારંભ કર્યો.
- આયોજન પંચમાં નિષ્ણાંત અર્થશાસ્ત્રીઓ, વહીવટી નિષ્ણાંતો અને વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતોનો સમાવેશ થાય છે.
- તેના અધ્યક્ષ હોદ્દાની રૂએ વડાપ્રધાન હોય છે. ભારતના આર્થિક આયોજનના મુખ્ય ઉદ્દેશ્યોમાં ઝડપી આર્થિક વૃદ્ધિ અને વિકાસ, આર્થિક અસમાનતામાં ઘટાડો, પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરવી.
- સ્વાવલંબન, ભાવ સ્થિરતા, શૈક્ષણિક વિકાસ વગેરે હતા. પ્રથમ પંચવર્ષીય યોજના 1951 -56 દરમિયાન હાથ ધરવામાં આવી.
- પંચવર્ષીય યોજનાઓના આ સમયગાળા દરમિયાન આયોજનબદ્ધ આર્થિક વિકાસના પ્રયત્નો થયા.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ભારે અને પાયાના ઉદ્યોગોની સ્થાપના કરવામાં આવી. ઔદ્યોગિક ઉત્પાદનમાં આપણે મહદઅંશે સ્વાવલંબી બની શક્યા છીએ.
- કૃષિ ક્ષેત્રે હરિયાળી ક્રાંતિ સર્જી અનાજની આયાત કરતો દેશ આજે અનાજની નિકાસ કરતું રાષ્ટ્ર બનેલ છે. દૂધ ઉત્પાદનમાં શ્વેત ક્રાંતિ, તેલીબિયાનું ઉત્પાદન વધારવા પીળી ક્રાંતિ વગેરે દ્વારા ઉત્પાદન વધારવાની દિશામાં વિકાસલક્ષી પગલાઓ ભરવામાં આવેલ છે.
- પંચવર્ષીય યોજનાઓના પરિણામ સ્વરૂપે આજે રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં વધારો થયો છે.
- ગરીબી ઘટાડવા માટે આર્થિક અસમાનતા ઘટાડવા રોજગારીની તકો વધારવા, શિક્ષણનો પ્રચાર-પ્રસાર, આવશ્યક ચીજવસ્તુ ગરીબોને મળી રહે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ રહી છે. લોકોના આરોગ્યમાં સુધારો થયો છે.
- ભારતમાંથી શીતળા નાબૂદ કરી શક્યા છીએ. સરેરાશ આયુષ્યમાં સુધારો થયો છે.
- બોળ મૃત્યુદરમાં ઘટાડો નોંધાયો છે. શિક્ષણનું પ્રમાણ (સાક્ષરતાનો દર) વધ્યું છે.

10. જૂનાગઢનું ભારત સંઘ સાથે જોડાણ ક્યારે કરવામાં આવ્યું?

**જવાબ :**

- સરદાર વલ્લભભાઈએ ભારતીય સંઘના હિત માટે રાજ્યોને સ્વેચ્છાએ ભારતીય સંઘમાં જોડાવવા આહ્વાન આપ્યું.
- આ સમયે જૂનાગઢના નવાબ પાકિસ્તાન સાથે જોડાવવાની સંમતિ આપી દીધી.
- જૂનાગઢની ચારે તરફના રાજ્યો ભારત સંઘ સાથે જોડાયા હતા. જૂનાગઢની મોટાભાગની પ્રજા હિન્દુ હતી.
- તેથી જૂનાગઢ તે પાકિસ્તાન સાથે જોડાય તે ઉચિત નહોતું. સૌરાષ્ટ્રના તમામ રાજ્યોએ અને મુંબઈમાં વસતાં જૂનાગઢના નાગરિકોએ નવાબના નિર્ણયનો જોરદાર વિરોધ કર્યો.
- મુંબઈના જૂનાગઢ વાસીઓએ “આરઝી હકૂમત” ની સ્થાપના કરી જૂનાગઢમાં આંદોલન ચલાવ્યું.
- જૂનાગઢના નવાબ પાકિસ્તાન ચાલી ગયા તેથી ભારતે જૂનાગઢનો કબજો લઈ લીધો.
- ત્યારપછી લોકમત લેવામાં આવ્યો જેમાં પ્રચંડ બહુમતીથી ભારતીય સંઘ સાથે જોડાવવાનું સમર્થન પ્રાપ્ત થયું. આમ, ઉપરોક્ત રીતે જૂનાગઢનું ભારત સંઘ સાથે જોડાણ થયું.

*** નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 5 ગુણ છે.)** **[10]**

11. દેશી રાજ્યોના એકીકરણ અને વિલીનીકરણ વિશે માહિતી આપો.

**જવાબ :**

- ભારત સ્વતંત્ર થયું ત્યારે 562 જેટલા નાના-મોટી દેશી રાજ્યોહતાં.
- આ બધા દેશી રાજ્યોના રાજાઓ અને નવાબોને ભારતીય સંઘમાં જોડાવા માટે સમજાવવા એ ભગીરથ કાર્ય હતું.
- સરદાર પટેલ અને તેમના અંગત સચિવ વી.પી.મેનનની મદદથી તેમણે દેશી રાજ્યો માટે એક “જોડાણ ખત' અને “જૈસે થે કરાર' ના મુસદ્દો તૈયાર કરાવ્યો.
- સરદાર પટેલે દેશી શાસકોને અપીલ કરી કે તેમના શાસન હેઠળ પ્રજા અને ભારતીય સંઘના હિતમાં તેઓ પોતાનાં રાજ્યોનો સ્વેચ્છાએ ત્યાગ કરે અને એક મજબૂત, અખંડ અને સમૃધ્ધ ભારત તૈયાર કરવામાં સહકાર આપે.
- સરદાર પટેલે ભારત સરકાર વતી રાજાઓને તેમનાં સાલિયાણાં, દરજ્જો, હકો અને હિતોના રક્ષણની ખાતરી આપી.
- સરદાર વલ્લભભાઈ પટેલે રજૂ કરેલા મુસદ્દાથી રાજાઓ સંતુષ્ટ થયા. જમ્મુ-કશ્મીર, જુનાગઢ, અને હૈદરાબાદના શાસકો સિવાયના બધાં રાજાઓએ 15 ઓગસ્ટ, 1947 પહેલાં જ જોડાણખત પર હસ્તાક્ષર કરી પોતાના રાજ્યો અને રિયાસતોને ભારતીય સંઘમાં જોડી દીધા.
- ભારત સંઘ સાથે જોડાણ પ્રક્રિયાની શરૂઆત ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારે સિંહે 15મી જાન્યુઆરી, 1948 રોજ કરી હતી. કશ્મીર, જુનાગઢ અને હૈદરાબાદના જોડાણના પ્રશ્નો જુદી રીતે ઉકેલવામાં આવ્યા.
- હૈદરાબાદમાં પોલીસ પગલું ભરી નિઝામના હિતોના રક્ષણની બાંહેધરી આપી.
- હૈદરાબાદને ભારતીય સંઘ વિલીલીકરણ થયું. હૈદરાબાદના વિલીનીકરણમાં કનૈયાલાલ મુનશીની ભૂમિકા મહત્વની હતી.
- જૂનાગઢના નવાબે પોતાના રાજ્યને પાકિસ્તાન સાથે જોડાણખત લખી આપ્યું. જેની સામે મુંબઈમાં જૂનાગઢમાં નાગરિકોએ ભારતીય સંઘમાં જોડાવા માટે “આરઝી હકૂમત” ની સ્થાપના કરી.
- સૌરાષ્ટ્રના લગભગ તમામ રાજ્યોએ અને લોકોએ નવાબના પાકિસ્તાન સાથેના જોડાણનો વિરોધ કર્યો. જૂનાગઢના નવાબ પાકિસ્તાન ચાલ્યા ગયા અને ભારતે જૂનાગઢનો કબજો લીધો.
- ત્યાર બાદ લોકમત લેવાયો જેમાં પ્રચંડ બહુમતીથી જૂનાગઢની જનતાએ ભારત સંઘ સાથેના જોડાણને સમર્થન આપ્યું.
- આમ, જૂનાગઢનું ભારત સંઘમાં વિલીનીકરણ કરવામાં આવે છે. કાશમીરના મહારાજા હરિસિંહ ડોગરાએ ભારત સાથેના જોડાણખત પર સહી કરી ન હતી.
- આ દરમિયાન કાશમીર પોતાની સાથે જોડાઈ જાય તે માટે પાકિસ્તાને કશમીર પર આક્રમણ કર્યું.
- હરિસિંહે ભારતની લશ્કરી મદદ માંગી અને ભારત સાથેના જોડાણખત પર સહી કરી. ભારતીય લશ્કરે તાત્કાલિક કશ્મીર જઈ તેનું રક્ષણ કર્યું પણ તે દરમિયાન કાશમીરના ત્રીજા ભાગ પર પાકિસ્તાનને ગેરકાયદેસર કબજો જમાવ્યો હતો.
- ભારતે પાકિસ્તાન વિરુધ્ધ સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિમાં ફરિયાદ કરી. સલામતી સમિતિએ યુદ્ધવિરામ કરવા જણાવ્યું.


Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- જેને આજે પી.ઓ.કે પાકિસ્તાને પચાવી પાડેલ કમીર) તરીકે ઓળખવામાં આવે છે.
- આમ, 1948ના અંત પહેલા ભારતમાં રાજકીય એકતા સિદ્ધ થઈ.

12. આઝાદી પછીનાં વર્ષોમાં ભારતે સાધેલી પ્રગતિ વિશે ટૂંકમાં માહિતી આપો

**જવાબ :**

- ભારતે આજે પણ લોકશાહી આદર્શોને જીવંત રાખેલ છે. આ એક ગૌરવ લઈ શકાય તેવી ઉપલબ્ધી ગણી શકાય.
- આઝાદીથી લઈ અત્યાર સુધી 17મી સામાન્ય લોકસભાની ચૂંટણી થઈ ચૂકી છે તેમજ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની અને વિધાન સભાની ઘણી ચૂંટણીઓ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે.
- ભારતમાં નાગરિકોને પુખ્તવય મતાધિકાર આપવામાં આવેલ છે.
- ભારતમાં પ્રેસ સ્વાતંત્રય છે. નિષ્પક્ષ અને તટસ્થ ન્યાયતંત્ર છે. ભાષાકીય વિવિધતા અને ધાર્મિક વિવિધતા રાષ્ટ્રીય એકતા માટે બાધક બનતી નથી પણ પોષક બને છે. વિવિધતામાં એકતા સર્જે છે.
- મર્યાદિત અને અલ્પ સાધનો સાક્ષરતાનું ઓછું પ્રમાણ આ બધી સમસ્યા હોવા છતાં ભારતનો વિજ્ઞાન અને ટેકનોલૉજી ક્ષેત્રનો વિકાસ પ્રશસનીય છે.
- આઝાદી પછીના વર્ષોમાં અનાજ ક્ષેત્રે પરાવલંબી રહેલા ભારતે ત્યારબાદ હરિયાળી ક્રાંતિ સર્જી અનાજ ક્ષેત્રે ન માત્ર સ્વાવલંબને સિદ્ધ કર્યું સાથે અનાજની નિકાસ કરતું રાષ્ટ્ર પણ બન્યું છે પરમાણું વિજ્ઞાન અને ટેકનોલોજીનો શાંતિમય ઉપયોગ અને તેના દ્વારા વિકાસની પ્રક્રિયા સક્રિયતા સાધેલી છે.
- ઈલેક્ટ્રોનિક્સ, ઊર્જા, ખનીજતેલ, ટેલિ કોમ્યુનિકેશન, સ્ટીલ, ખાતર, સિમેન્ટ, પેટ્રોકેમિકલ્સ વગેરે ક્ષેત્રોમાં દેશે હરણફાળ ભરી છે.
- અવકાશ સંશોધન ક્ષેત્રે ભારતે બાહ્ય અવકાશમાં ઉપગ્રહો છોડવા માટે વિશિષ્ટ પ્રકારના GSLV (ઝીયોસીન્ક્રોસ સેટેલાઈટ લોન્ચ વહીકલ) આ ઉપરાંત આપણે છોડેલા ઉપગ્રહો અને મંગળ ગ્રહ પર પહોંચવા માટેનું મંગળ અભિયાન તેમજ ઉપગ્રહ છોડવામાં સંપૂર્ણ સ્વાવલંબન આ બધી જ આપણી વિશિષ્ટ અને નોંધપાત્ર સિદ્ધિ રહી છે.
- આપણી પરંપરાઓ વારસો અને માનવ સંસાધનોનું મહત્વ વિશ્વના દેશોએ સ્વીકાર્યું છે. આમ વિવિધ ક્ષેત્રોના વિકાસમાં ભારત ઉજ્જવળ પંથે હરણફાળ ભરી રહેલ છે.

----- -----



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in